# આણંદ કૃષિ યુનિવર્સિટી

## આણંદ

વંચાણે લીધોઃ નાયબ સચિવશ્રી(કૃષિ યુનિ), ગુજરાત સરકાર, કૃષિ અને સહકાર વિભાગ, સચિવાલય, ગાંધીનગરનો તા.૧૭/૧૦/૨૦૧૫

## કાર્યાલય આદેશ

માન.મુખ્યમંત્રીશ્રી દ્વારા જાહેર કરવામાં આવેલ "મુખ્યમંત્રી યુવા સ્વાવલંબન યોજના"ના અમલીકરણ સંબંધે શિક્ષણ વિભાગના તા.૭/૧૦/૨૦૧૫ના ઠરાવમાં જણાવ્યા મુજબની પાત્રતા ધરાવતા ધોરણ-૧૦ અને ૧૨ ની પરીક્ષા પાસ કરી વર્ષઃ૨૦૧૫-૧૬માં ડીપ્લોમાં/સ્નાતક અભ્યાક્રમોના પ્રથમ વર્ષમાં આ યોજના હેઠળ લાભ મેળવવા http:/mysy.guj.nic.in પર ઓનલાઇન અરજીઓ તા.૧૩/૧૦/૨૦૧૫ થી શરૂ કરવામાં આવેલ છે. આ યોજનાના અમલ માટે રાજય ભરમાં આવેલી સરકારી/અનુદાનિત સંસ્થાઓ ખાતે ૯૧ હેલ્પ સેન્ટરો શરૂ કરવામાં આવેલ છે. યોજના સંબંધી તમામ વિગતો ઉપર જણાવેલ વેબસાઇટ ઉપર ઉપલબ્ધ છે. રાજ્યની ચારેય કૃષિ યુનિવર્સિટીઓમાં મુખ્યમંત્રી યુવા સ્વાવલંબન યોજનાના સુચારૂ અમલ માટે અને વિભાગ અને કૃષિ યુનિવર્સિટીઓ વચ્ચેના સંકલન માટે કુલસચિવશ્રીઓને જે તે કૃષિ યુનિવર્સિટીઓના નોડલ અધિકારી જાહેર કરવામાં આવેલ છે.

આણંદ કૃષિ યુનિવર્સિટી ખાતે "મુખ્યમંત્રી યુવા સ્વાવલંબન યોજના"ની અમલવારી કરવા સારૂ ડૉ. ડી. આર. કથીરીયા, ડાયરેકટર(આઇ.ટી)ને યુનિવર્સિટીના કો-ઓર્ડીનેટરની કામગીરી સોપવામાં આવે છે. હેલ્પ સેન્ટર શરૂ કરવા માટે આચાર્યશ્રી, એ.આઇ.ટી. કોલેજ અને તેમના સ્ટાફ દ્વારા જરૂરી તમામ કામગીરી કરવાની રહેશે. આ યોજનાનો વધુમાં વધુ વિધાર્થીઓ લાભ લે તે માટે તમામ કોલેજો/પોલીટેકનીકોને પણ આ બાબતે જરૂરી સૂચનાઓ આપવાની રહેશે.

પ્રસ્તુત આદેશ માન.કુલપતિશ્રીએ ફાઇલ ઉપર આપેલ આદેશ અનુસાર જારી કરવામાં આવે છે.

જા.નં. આકૃયુ/રજી/સંકલન/૧૧૫૧૯-૨૬/૨૦૧૫

તા. ૨૦-૧૦-૨૦૧૫

કુલસચિવ

નકલ સવિનય રવાનાઃ

(૧) માન.કુલપતિશ્રીના રહસ્યસચિવ, આ.કૃ.યુ., આણંદ

(૨) નિયામકશ્રી, ઇન્ફોર્મેશન ટેક્નોલોજી,આ.કૃ.યુ., આણંદ તરફ જાણ તથા યુનિ.ના કો-ઓર્ડીનેટરની કામગીરી સંભાળવા સારૂ.

(૩) આચાર્ય/ડીનશ્રી, આ.કૃ.યુ., આણંદ (તમામ કોલેજ)

(૪) આચાર્યશ્રી, તમામ પોલિટેકનીક, આ.કૃ.યુ., આણંદ

(૫) સભ્યસચિવ-વ-નાયબ સચિવશ્રી, રાજ્ય કૃષિ યુનિવર્સિટી પરિષદ, કૃષિભવન, ગાંધીનગર તરફ જાણ તથા સરકારશ્રી દ્વારા જારી કરવામાં આવેલ પત્રકમાં ડૉ.ડી.આર.કથીરીયા, ડાયરેકટર(આઇ.ટી),મોબાઇલ નંબર-૯૯૯૮૦૦૯૯૬૯ને બદલે ૯૯૯૮૦૦૯૯૭૩ કરવા જરૂરી કાર્યવાહી કરવા વિનંતી સહ.

(૬) આ કચેરીની પરીક્ષા શાખા (યુ.જી./પી.જી.)

(૭) કુલસચિવશ્રીના અંગત મદદનીશ, આ.કૃ.યુ.,આણંદ

આણંદ કૃષિ યુનિવર્સિટી

આણંદ

વંચાણે લીધોઃ  આ યુનિ. ના કાર્યાલય આદેશ નં.આકૃયુ/રજિ/સંકલન/૧૧૫૧૮-૩૬/૨૦૧૫ તા.૨૦/૧૦/૨૦૧૫

## કાર્યાલય આદેશ

માન.મુખ્યમંત્રીશ્રી દ્વારા જાહેર કરવામાં આવેલ "મુખ્યમંત્રી યુવા સ્વાવલંબન યોજના"ના અમલીકરણ સંબંધે શિક્ષણ વિભાગના તા.૭/૧૦/૨૦૧૫ના ઠરાવમાં જણાવ્યા મુજબની પાત્રતા ધરાવતા ધોરણ-૧૦ અને ૧૨ ની પરીક્ષા પાસ કરી વર્ષઃ૨૦૧૫-૧૬માં ડીપ્લોમાં/સ્નાતક અભ્યાક્રમોના પ્રથમ વર્ષમાં આ યોજના હેઠળ લાભ મેળવવા http:/mysy.guj.nic.in પર ઓનલાઇન અરજીઓ તા.૧૩/૧૦/૨૦૧૫ થી શરૂ કરવામાં આવેલ છે. આ યોજનાના અમલ માટે રાજયભરમાં આવેલી સરકારી/અનુદાનિત સંસ્થાઓ ખાતે ૯૧ હેલ્પ સેન્ટરો શરૂ કરવામાં આવેલ છે. યોજના સંબંધી તમામ વિગતો ઉપર જણાવેલ વેબસાઇટ ઉપર ઉપલબ્ધ છે. રાજ્યની ચારેય કૃષિ યુનિવર્સિટીઓમાં મુખ્યમંત્રી યુવા સ્વાવલંબન યોજનાના સુચારૂ અમલ માટે વિભાગ અને કૃષિ યુનિવર્સિટીઓ વચ્ચેના સંકલન માટે કુલસચિવશ્રીઓને જે તે કૃષિ યુનિવર્સિટીઓના નોડલ અધિકારી તથા ડૉ.ડી.આર.કથીરીયા,ડાયરેકટર(આઇ.ટી)ને યુનિવર્સિટીના કો-ઓર્ડીનેટરની કામગીરી સોપવામાં આવેલ છે.

જે અનુસંધાને આ યોજના હેઠળ લાભ મેળવવા માંગતા વિદ્યાર્થીઓને ઓન લાઇન અરજી તથા અન્ય આનુસંગીક કાર્યવાહી કરવા માટે આણંદ કૃષિ યુનિવર્સિટીની જે તે કોલેજ/પોલીટેકનીકમાં ફરજ બજાવતા એકેડેમીક ઇન્ચાર્જને કોલેજ /પોલીટેકનીક કક્ષાના કો-ઓર્ડીનેટર તરીકે નિમણુંક કરવામાં આવે છે. તેઓશ્રીએ તેમની કોલેજ/પોલીટેકનીક ખાતે અભ્યાસ કરતા વિદ્યાર્થીઓના ઓનલાઇન અરજી તથા અન્ય કામગીરી કરવાની રહેશે.આ અંગે જે તે વિદ્યાશાખાના ડીનશ્રીને ઇ-મેઇલ ઉપર ફોર્મ તથા અન્ય માહિતી તેમજ જરૂરી નોંધણી માટેની વેબસાઇટ લીંક નિયામકશ્રી, આઇ.ટી. દ્વારા આજ રોજ મોકલી આપવામાં આવેલ છે. વધુ કોઇ ટેકનીકલ માર્ગદર્શનની જરૂર જણાય તો નિયામકશ્રી, આઇ.ટી.ની કચેરીએ જઇને તાલીમ મેળવી લેવાની રહેશે.

કુલસચિવ

જા.નં. આકૃયુ/રજી/સંકલન/ ૧૧૫૮-૬૯ /૨૦૧૫

તા. ૨૦-૧૦-૨૦૧૫

નકલ સવિનય રવાનાઃ

(૧) માન.કુલપતિશ્રીના રહસ્યસચિવ, આ.કૃ.યુ., આણંદ

(૨) નિયામકશ્રી, ઇન્ફોર્મેશન ટેક્નોલોજી,આ.કૃ.યુ., આણંદ.

(૩) આચાર્ય/ડીનશ્રી, આ.કૃ.યુ., (તમામ કોલેજ/પોલીટેકનીક) તરફ જાણ તથા આપની કોલેજના એકેડેમીક ઇન્ચાર્જનું નામ,સરનામુ, ઇ-મેઇલ એડ્રેસ, મોબાઇલ નંબરની માહિતી કુલસચિવશ્રી તથા નિયામકશ્રી, આઇ.ટી.ને દિન-૨ માં મોકલી આપી આગળની કાર્યવાહી તાત્કાલિક હાથ ધરવા સારૂ.

(૪) આચાર્યશ્રી, તમામ પોલિટેકનીક, આ.કૃ.યુ., આણંદ

(૫) સભ્યસચિવ-વ-નાયબ સચિવશ્રી, રાજ્ય કૃષિ યુનિવર્સિટી પરિષદ, કૃષિભવન, ગાંધીનગર

(૬) આ કચેરીની પરીક્ષા શાખા (યુ.જી./પી.જી.)

(૭) કુલસચિવશ્રીના અંગત મદદનીશ, આ.કૃ.યુ.,આણંદ